## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



માલતીબેન જીતેન્દ્ર ભટ્ટ
(૧૯૪૪) ફોન. ૨૩૨૬૧૬૫૩



સિરાજભાઈ એસ. વ્હોરા
(૧૯૫૫) મો. ૯૯૨૫૮૩૪૨૯૦



નયનાબેન ગણપતભાઈ પટેલ
(૧૯૫૩) ફોન. ૨૩૨૩૧૯૩૦

# આજે ગુજરાત ગૌરવ દિનની રાજ્યકક્ષાની ઊજવણી દાહોદ ખાતે શાનદાર રીતે કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત રાજ્યકક્ષાનો સ્થાપના દિન તા. ૧લી મે, ૨૦૧૨ ગુજરાત ગૌરવદિન તરીકે શાનદાર રીતે ઉજવાશે. ગૌરવદિનની રાજ્યકક્ષાની ઉજવણી આદિજાતિ વિસ્તાર એવા દાહોદ જિલ્લામાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં કરવામાં આવનાર છે.

તા. ૧લી મેના પ્રારંભે સવારે અમદાવાદ શહેરમાં પણ અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. નહેરૂબ્રિજના છેડે સરદાર બાગ સામે આવેલ ઈન્દુચાચાની પ્રતિમાને સવારે ૯-૦૦ કલાકે પુષ્પાંજલિ અપાશે. ત્યારબાદ ભદ્ર ખાતેના શહીદ સ્મારકમાં પણ પુષ્પાંજલિ અપાશે. ૯-૧૫ કલાકે અમદાવાદમાં પ્રથમ એવા નેશનલ બુક ફેરનો શુભારંભ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાબરમતી રિવર ફ્રન્ટ ખાતે કરાવશે. આ પ્રસંગે રાજ્યમાં યુનિક આઈડેન્ટી ફિકેશન કાર્યક્રમનો પણ આરંભ થશે.

રાજ્યના મહત્ત્વના પર્વોમાં રાજ્યભરના તમામ લોકોની જનભાગીદારી કેળવાય અને આવી ઉજવણીઓમાં પ્રજાજનો સરળતાથી સામેલ થઈ શકે તેવા હેતુસર દાહોદ ખાતે યોજાઈ રહેલા રાજ્યકક્ષાના ગૌરવદિન ઉજવણી નિમિત્તે "દિશા ચીંધે દાહોદ" થીમ પર દાહોદ-કોમર્સ કોલેજના ગ્રાઉન્ડ પર રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. ભવ્ય આતશ બાજી થશે. મુખ્યમંત્રીશ્રીના હસ્તે દાહોદ જિલ્લાના પ્રતિષ્ઠિત મહાનુભાવોનું સન્માન અને રાજ્ય સરકારના એવોર્ડ વિતરણ વિધિ તેમજ પુસ્તકોનું વિમોચન કરાશે. આ ઉપરાંત સમગ્ર દિવસ દરમિયાન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વિવિધ વિકાસકામોના ખાતમૂહર્ત, લોકાર્પણ, મહાત્મા ગાંધીજી અને છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાઓનું અનાવરણ, પોલીસ પરેડની માર્ચ પાસ્ટ, સહાય યોજનાના આદેશપત્રોનું વિતરણ, આદિજાતિ પ્રજાના વિકાસની ઝાંખી કરાવતા પ્રદર્શનો વિગેરે અનેકવિધ કાર્યક્રમો યોજાનાર છે. આ પ્રસંગે કર્મચારીઓ સમગ્ર કાર્યક્રમમાં ભાગ લઈ શકે તે માટે પોઈન્ટ બસ સર્વિસના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જે મુજબ ગાંધીનગર ખાતેથી સાંજે ૬-૩૦ કલાકે ઉપડી તમામ પોઈન્ટ બસ સર્વિસની બસો સાંજે ૭-૩૦ કલાકે ઉપડશે તેમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવાયું છે.

# પિસ્તોલ વેચવા આવેલા ત્રણ શખ્સો આખરે ઝડપાઈ ગયા

## છટકુ ગોઠવી પિસ્તોલ ખરીદવા નિકળેલી પોલીસને મોટી સફળતા : ત્રણે યુવાનો ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વેલ્ડિંગનું કામ કરે છે : યૂએસએ બનાવટની પિસ્તોલ-કારતૂસ કબજે

અમદાવાદ, તા.૩૦

શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં ત્રણ શખસો પિસ્તોલ વેચવા ફરી રહ્યાં હોવાની બાતમીના આધારે પોલીસ ટીમ છટકું ગોઠવી રીતસર પિસ્તોલ ખરીદવા નીકળી હતી અને અંતે પિસ્તોલ વેચવા આવનાર ત્રણ શખસો છટકામાં સપડાઈ ગયા હતાં અને પોલીસે તેમની પાસેથી યુએસએ બનાવટની પિસ્તોલ અને કારતૂસ કબજે કર્યા હતાં. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે, ઘાટલોડિયા પોલીસમથકના ડી સ્ટાફ પીએસઆઈ આર.એસ. ગઢવીને બાતમી મળી હતી કે ઘાટલોડિયા જનતાનગર પાસેના સિમંધર એપાર્ટમેન્ટ ખાતે કેટલાંક શખસો પિસ્તોલ વેચવા માટે ફરી રહ્યાં છે. બાતમીના આધારે ડી સ્ટાફની ટીમે છટકું ગોઠવી પિસ્તોલ વેચનારાઓ પાસે ખરીદદાર બનીને એક પોલીસકર્મી ગયો હતો. અંતે પોલીસ ટીમે યુએસએ બનાવટની પિસ્તોલ અને કારતૂસ સાથે ત્રણ શખસોને ઝડપી પાડ્યા હતાં. પૂછપરછમાં તેઓના નામ જયદેવ ઉર્ફે દેવા વિપુલભાઈ માછી, રાજુભાઈ અન્નસિંહ ઠાકુર અને દિનેશકુમાર શ્રીમાતા ઝા ને પકડી પાડ્યા હતાં. પોલીસે તુરંત ત્રણેયની ધરપકડ કરી હતી. પોલીસે સઘન પૂછપરછ કરતાં પિસ્તોલ દિનેશ ઝા છ મહિના અગાઉ ગ્લાલિયર ખાતેથી લાવ્યો હતો અને હાલમાં તેણે વેચવા માટે કાઢી હતી. તે આ પિસ્તોલ ૯૫ હજારમાં વેચવાનો હતો. ઘાટલોડિયા પોલીસે ત્રણેયની સઘન પૂછપરછ હાથ ધરતા તેઓ ત્રણેય હાલમાં સોલા ખાતે ભાડાના મકાનમાં રહેતા હોવાનું જાણવા મળ્યું હતું. જેથી ઘાટલોડિયા પોલીસે મકાન માલિકે મકાન ભાડે આપેલું હોવા છતાં પોલીસને જાણ ન કરી હોવાથી સોલા પોલીસને ગુનો નોંધવા પણ કહ્યું છે.

પિસ્તોલ સાથે ઝડપાયેલા ત્રણેય શખસો પૈકી બે શખસો હાલમાં ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે વેલ્ડિંગ કામની મજૂરી કરતાં હોવાનું જાણવા મળ્યું છે. પીએસઆઈ ગઢવીએ જણાવ્યું હતું કે, જયદેવ ઉર્ફે દેવા અને દિનેશ ઝા છેલ્લા પાંચ મહિનાથી મહાત્મા મંદિરમાં વેલ્ડિંગનું કામ કરે છે અને મોટાભાગે સાઈડ પર જ રહેતા હતાં. રજાના દિવસોમાં તેઓ ઘરે આવતા હતાં. પિસ્તોલ સાથે પકડાયેલા બે શખસો મહાત્મા મંદિરમાં મજરીકામ કરતાં હોવાનું બહાર આવતા ગાંધીનગર પોલીસની ખૂબ જ મોટી લાપરવાહી બહાર આવી છે.

# સમદર્શન આશ્રમમાં ૨૧મીથી કુદરતી ઉપચારનો કેમ્પ

ગાંધીનગર, તા. ૩૦

સમદર્શન આશ્રમ સેકટર-૧, ગાંધીનગર તથા એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ સેકટર-૧ના સહયોગથી અખિલ ગુજરાત કુદરતી ઉપચાર અને યોગ મહા મંડળ દ્વારા આયોજિત કુદરતી ઉપચાર નિદાન સારવાર કેમ્પ તા. ૨૧મી મે થી તા. ૨૭મી મે સુધી સમદર્શન આશ્રમ ગાંધીનગરમાં યોજાનાર છે. જેમાં નામ નોંધણી તા. ૨૦મી મે સુધી થઈ શકશે.

સરદાર કુદરતી ઉપચાર કેન્દ્ર બારડોલીના મુખ્ય ચિકિત્સહ અને કુદરતી ઉપચારના નિષ્ણાત ડૉ. અમૃતભાઈ પટેલ તથા તેમના સહકાર્યકર્તાના સંકલન હેઠળ કુદરતી સારવાર કેમ્પનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે.

કેમ્પમાં લગભગ તમામ રોગો દમ, ખાંસી, વા, લકવો, કમરનો દુખાવો, હરસ, મસા, હૃદય રોગ, તાવ, સફેદ-લાલ પ્રદર, સ્ત્રી રોગો, પથરી, ચામડીના રોગો, લો બીપી, ઘૂંટણનો દુખાવો, બસમાં બેસવાથી થતી ઉલટી થવી એવા કાયમી હઠીલા રોગોની સારવાર તેમજ માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં સ્ટીમ બાથ, ગૌ મુત્ર, માટી પ્રયોગ, ગરમ-ઠંડા પાણી, સૂર્ય સ્નાન, શુદ્ધ હવા , કટિ સ્નાન લપેટ, એક્યુપ્રેસર, મેગ્નેટ ચિકિત્સા, મેગ્નેટ ગાદલા, મેગ્નેટ ખુરશી, તથા કસરતના સાધનો, ખોરાકનું આયોજન, ઉકાળા, લેમન-ટી, પ્રાણાયામ, યોગાસન, કરાવવામાં આવશે.

સવારે ૬.૦૦ કલાકે યોગાસન, પ્રાણાયમ, અમૃતપાન, લેમન ટી, સવારે ૮.૦૦ કલાકે સારવાર, બપોરે આરોગ્ય વિષયક વ્યાખ્યાન, ભોજન અને આરામ.

સાંજના વ્યાખ્યાન, પ્રશ્નોતરી, ભોજન કેમ્પ યોજાશે.

કેમ્પમાં દર્દીઓ માટે સારવાર કરાવનારના નિયમોનું પાલન બંધન કર્તા રહેશે. રોગનું ગુણવત્તા ધ્યાનમાં રાખીને દર્દીને દાખલ કરવામાં આવશે. કેમ્પમાં ૭ દિવસ દાખલ થનાર દર્દીને બે ટાઈમ ભોજન, ચાર ટાઈમ ઉકાળો, ખર્ચ પેટે રૂા. ૭૦૦ ભરવાના રહેશે. સવારે પ્રાણાયામ, યોગાસન, સાંજના વ્યાખ્યાન, પ્રશ્નોત્તરમાં કોઈ ફી નથી. જેનો ગાંધીનગરવાસીઓ વધુ પ્રમાણમાં લાભ લઈ શકે છે. નોકરી કરતા દર્દીઓની સમય અનુકૂળતામાં ગોઠવવામાં આવશે. સૂચનોનું સમજ પૂર્વક પાલન કરવાનું રહેશે. બહારગામના તેમજ રાત્રિ નિવાસ કરનારા દર્દીઓએ ઓઢવા-પાથરવાનું લાવવાનું રહેશે.

આ કેમ્પમાં નામ નોંધવા માટે સમદર્શન ગાંધીનગર, ૨૩૨૪૭૮૨૦ , ડૉ. અમૃતભાઈ પટેલ - ૯૪૨૬૫૧૧૪૯૨, કિરીટભાઈ અધ્વર્યુ - ૯૮૯૮૯૯૪૯૮, મણીભાઈ ચૌધરી ૯૪૨૭૪૯૦૭૮૯૫૨ સંપર્ક કરવો.

## શબ્દાવલી - ૪૭૧૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | ૨ | ૩ | ■ | ૪ |
| | ■ | ■ | ■ | ૫ | | ૬ | |
| ૭ | ૮ | ૯ | | ■ | ■ | | ■ |
| ૧૦ | | | ■ | ૧૧ | | | ૧૨ |
| ■ | ૧૩ | | | | ■ | ૧૪ | |
| ૧૫ | ■ | | ■ | ■ | ૧૬ | ■ | |
| ૧૭ | ૧૮ | ■ | ૧૯ | ૨૦ | | ૨૧ | ■ |
| ૨૨ | | | | | ■ | ૨૩ | |

### આડી ચાવી

૧. છાનીછાની વાતો (૬)
૫. રામાયણ, રામની વાતો (૪)
૭. કુળવાન, સારા ઘરનું (૪)
૧૦. છેડાનું, ખૂણાનું (૩)
૧૧. જાન રેડીને કર્યું હોય તેવો (૪)
૧૩. મારફાડ, તોફાન (૪)
૧૪. ભગવાન, અલ્લાહ (૨)
૧૭. લોટકુ, બળવાન (૨)
૧૯. સમાધાન કરાવવું, .... કરાવવી (૪)
૨૨. જીગરી, દિલી પ્રાણથી પણ પ્રિય (૫)
૨૩. ભરેલું ના હોય તેવું (૨)

### ઊભી ચાવી

૧. પ્રેસ, છાપવાનું મશીન જયાં રાખેલ હોય તે જગ્યા (૪)
૨. 'રાતી' શબ્દ ઊંધો (૨)
૩. ત્રણ કલાક, પહોર (૨)
૪. દુઃખ, દર્દ (૨)
૬. રણકો કરે તેવો ચાંદીનો રૂપિયો (૪)
૮. પોલુ ના હોય તેવું (૩)
૯. દાડમનું વૃક્ષ (૪)
૧૧. ખબર, ખ્યાલ (૨)
૧૨. ઈરેજર, એક ઝાડના રસમાંથી બનતો પદાર્થ (૩)
૧૫. શાહજીરૂ (૩)
૧૬. તરતનું, નવું (૨)
૧૮. ધુતારો, ઠગી જાય તેવો (૨)
૧૯. શિક્ષા, નસીહત (૨)
૨૦. વિચારનાર, ઈન્દ્રિય (૨)
૨૧. મરીયા, મરી (૨)

### શબ્દાવલી ૪૭૧૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) સ્ટેશન (૪) નીસરણી (૬) શકટ (૭) કર (૮) નળ (૧૦) પાયરી (૧૩) વલવલાટ (૧૫) બાવરચી (૧૬) પાલ (૧૭) હાલીમવાલી (૨૧) ઉપજાઉ (૨૨) તુમાખી (૨૩) ચણ (૨૪) સળી

**ઊભી ચાવી :-** (૧) સ્ટેશનરી (૨) શકળ (૩) નટ (૪) નીક (૫) સરપાવ (૯) પાવર હાઉસ (૧૧) યલા (૧૨) રીટ (૧૪) લચીલી (૧૫) બાલપણ (૧૬) પાઉચ (૧૮) મતુ (૧૯) વામા (૨૦) લીખીયુ

# મગોડીના ખેતરમાં સંતાડાયેલ વિદેશી દારૂનો જથ્થો પકડાયો

## બાતમી મળતા પોલીસે રેઈડ કરી : ૩૯૬ નંગ બોટલો જપ્ત

ગાંધીનગર, તા. ૩૦

ચિલોડા પોલીસે ગઈકાલે સાંજે મગોડીમાં એક ખેતરમાં દરોડો પાડી સંતાડેલી વિદેશી દારૂની બોટલોનો જથ્થો પકડી પાડ્યો હતો. ૩૯૬ નંગ વિદેશી દારૂની બોટલો મળી કુલ રૂ. ૬૬,૩૦૦ના મુદ્દામાલ સાથે પોલીસે એક ઈસમની ધરપકડ કરી હતી.

જિલ્લાના મગોડી ગામના ખેતરમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડવામાં આવ્યો હોવાની બાતમી ચિલોડા પોલીસને મળી હતી. જેના આધારે ચિલોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વી.જે. જાડેજા તેમજ સ્ટાફના માણસોએ ગઈકાલે સાંજે ખેતરમાં દરોડો પાડ્યો હતો. પોલીસની રેઈડ દરમિયાન ખેતરમાં સંતાડેલી ૩૯૬ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે રૂ. ૬૬,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી રશ્મિન ઉર્ફે પોયલી બાબુભાઈ પટેલની ધરપકડ કરી હતી. ખેતરમાં સંતાડેલો વિદેશી દારૂનો આ જથ્થો ક્યાંથી આવ્યો અને કોને આપવાનો હતો તે સઘળી હકિકત જાણવા પોલીસે આરોપીની સઘન પૂછપરછ હાથ ધરી છે.

# વ્યવસાયવેરો ગ્રામ પંચાયતના બદલે જિલ્લા તાલુકા પંચાયત મથકે જમા કરાવવા રજુઆત

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યના ગ્રામ પંચાયત વિસ્તારની હદમાં આવેલા ઔદ્યોગિક એકમો પાસેથી વસુલાતો વ્યવસાય વેરાની રકમ જિલ્લા અથવા તાલુકા પંચાયતમાં જમા લેવા માટેની રજૂઆત ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેને રાજ્ય સરકાર સમક્ષ કરી છે.

રાજ્યમાં ગ્રામ પંચાયત નગરપાલિકા મહાપાલિકા જિલ્લા તાલુકા પંચાયતના હદ વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક એકમો પાસેથી વસુલવામાં આવતા વ્યવસાય વેરાની રકમ જે તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં જમા કરવામાં આવે છે. જે તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા દ્વારા આ રકમમાંથી વિકાસના કામો માટે ખર્ચ કરવાની જોગવાઈ છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ ગુજરાત હાઉસીંગ બોર્ડના અધ્યક્ષ જયંતિલાલ બારોટે રાજ્યના મુખ્યમંત્રીને એક પત્ર લખીને એવી રજૂઆત કરી છે કે ગ્રામ વિસ્તારની હદમાં ચાલતા ઔદ્યોગીક એકમો તથા ફેક્ટરીઓ દર વર્ષે તેમનો સરકારમાં ભરવાનો થતો વ્યવસાય વેરો જે તે વિસ્તારમાં આવતી ગ્રામ પંચાયતોમાં જમા કરાવતા હોય છે.

આ વ્યવસાય વેરાની રકમ મોટી હોય છે. આ વ્યવસાય વેરાની રકમનો ઉપયોગ ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા તેમના બીન અનુભવના કારણે યોગ્ય રીતે થતો નથી. અથવા સરપંચ દ્વારા તેનો દુરઉપયોગ થાય છે તેવો આક્ષેપ કરવામાં આવ્યો છે.

તેમણે તેમની રજૂઆતમાં એવું સૂચન કર્યું છે કે ઔદ્યોગિક એકમનો વ્યવસાય વેરો ગ્રામ પંચાયતમાં જમા કરાવવાને બદલે તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત મથકે જમા કરાવવામાં આવે તો સદર વેરાની રકમનો સદઉપયોગ કરી જિલ્લાના છેવાડાના ગામડાઓમાં સિંચાઈ વીજળી શિક્ષણકાર્ય તથા પીવાના પાણી માટેના વિકાસ કાર્યમાં વાપરી શકાય.

ગુજરાત હાઉસીંગ બોર્ડના અધ્યક્ષ જયંતિલાલ બારોટે કરેલા આ સૂચનનો સ્વીકાર કરવાની દિશામાં રાજ્ય સરકારે સક્રિય વિચારણા હાથ ધરી છે. આ અંગે સબંધિત વિભાગ દ્વારા અભ્યાસ કરીને વ્યવસાય વેરાની રકમ ગ્રામ પંચાયતના બદલે તાલુકા જિલ્લા મથકે જમા કરાવવા અંગેનો આખરી નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## મજૂરોનું સ્કેનીંગ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મજૂરોના સ્કેનીંગ માટે તેઓ તેમની અલાયદી વ્યવસ્થા ઉભી કરી રહ્યાનું જણાવી દીધું છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મજૂરોની સંખ્યા પ્રમાણમાં વધુ હોવાથી જરૂર પડયે કોન્ટ્રાકટ આધારિત લેબ. ટેક.ની જગ્યાઓ પણ ભરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં તાજેતરમાં સમૌ ખાતે માઈલ્ડ ચિકનગુનિયાના મળી આવેલા કેસો પછી હવે તંત્ર દ્વારા એકદમ સતર્કતા પૂર્વક કામગીરી હાથ ધરી દેવામાં આવી છે. તેમજ વ્યુહાત્મક આયોજન પણ તૈયાર કરવામાં આવી રહ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

## ઈસનપુરમાં ઘરમાં ઘુસી પરણીતાને ચાકુ બતાવી ભરબપોરે લૂંટ કરાઈ

અમદાવાદ, તા.૩૦

શહેરના ઈસનપુર વિસ્તારમાં ભરબપોરે ઘરમાં ઘુસી પરણીતાને ચાકુની અણીએ લુંટી લીધા હોવાની ચકચારી ઘટના બનવા પામી છે. આ અંગે પરણીતો ઈસનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ઈસનપુર વિશાલનગર ખાતેના પ્રમુખ રો હાઉસ ડુપ્લેક્ષમાં ચેલાણી પત્ની કવીતાબેન સાથે રહે છે. ગઈકાલે બપોરના ૩.૩૦ વાગ્યાના સુમારે કવીતાબેન ઘરમાં એકલા જ હાજર હતા. દરમ્યાનમાં આશરે એક ૩૦ થી ૩૫ વર્ષના યુવાન અચનાક ઘરમાં ઘઉસી આવ્યો હતો અને કવીતા બેનનં મોઢું દબાવીતેમજ છરી બતાવી હાથમાં પહેરેલી સોનાની પાંચ નંગ બંગડી ઉતારી લીધી હતી. બાદમાં તુરંત તે શખ્સ નાસી છુટ્યો હતો.

# ગુજરાતને વિકાસની એવી ઊંચાઈ ઉપર પહોંચાડ્યું છે, જ્યાં પ્રત્યેક ગુજરાતી 'આ મારું ગુજરાત'નું ગૌરવ લઈ શકે છે


## મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો ગુજરાતની જનતાજોગ સંદેશ

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની સ્થાપનાના ૫૨માં ગુજરાત ગૌરવ દિવસની રાજ્યના સૌ નાગરિકોને શુભકામના પાઠવતાં એવો નિર્ધાર વ્યક્ત કર્યો છે કે, ગુજરાતને એવા વિકાસની ચાઈ ઉપર પહોંચાડ્યું છે, જ્યાં દરેક ગુજરાતીને ગુજરાતી હોવાનું ગૌરવ થાય કે, આ ગુજરાત મારું છે.

પ્રજાજોગ સંદેશામાં મુખ્યમંત્રીશ્રીએ મહાગુજરાતની ચળવળના ઈન્દુચાચા સહિત સૌ સાથીઓને યાદ કરીને, શહીદોને શત્ શત્ વંદન કરતા આ શહીદોના રક્તો એળે જવા દીધા નથી અને વિકાસ માટે પ્રત્યેક ગુજરાતી ગૌરવ લઈ શકે છે.

મુખ્ય મંત્રીશ્રીનો ગુજરાત ગૌરવ દિનનો અક્ષરશઃ સંદેશો આ પ્રમાણે છે :

ગુજરાતના સૌ વ્હાલા નાગરિક ભાઈઓ અને બહેનો. ૧લી મેને ૧૯૬૦ ગુજરાતનો સ્થાપના દિવસ. ૫૧ વર્ષ વીતી ગયા. આજે ૫૨માં વર્ષમાં આપણો મંગલ પ્રવેશ છે અને આ મંગલ પ્રવેશની વેળાએ મહાગુજરાતની ચળવળના એ સૌ શહીદોને આપણે નમન કરીએ. ઈન્દુચાચા સહિત મહાગુજરાતની ચળવળ ચલાવનાર સમગ્ર ગુજરાતવાસીઓને યાદ કરવાનો આ અવસર છે.



એ વખતની વિદ્યાર્થી આલમે ગુજરાતના ગૌરવને કાજે ગોળીઓ ખાવાનું પસંદ કર્યુ હતું. ગુજરાત એ ક્યારેય નહીં ભૂલે. ભદ્રના કોંગ્રેસ ભવનમાંથી ગુજરાતના વિદ્યાર્થીઓ પર ગોળીઓની રમઝટ ચાલી હતી. અનેક દુધમલ યુવાનોએ પોતાનું લોહી વહેવડાવ્યું હતું. પરંતુ ગુજરાતે આ વીરલાઓના રક્તને એળે નથી જવા દીધું. ગયા ૫૧ વર્ષની અંદર અનેક સરકારો આવી, અનેક આંદોલનો થયા, અનેક ઉપક્રમો થયા. સારી-નરસી ઘટનાઓ બનતી રહી પણ એ બધાંની વચ્ચે, ગુજરાત સદાયે આગળ તરફ વધતું રહ્યું. આ ૫૧ વર્ષ તરફ નજર કરીએ તો સાફ દેખાય છે કે ૨૧મી સદીનો આ પહેલો દશકો વિકાસની હરણફાળ ભરનારો દશકો બની રહ્યો. ૨૦૦૧માં ગુજરાતે, અનેક આફતો જોઈ. એકવીસમી સદીનો આરંભ જ આપણા માટે કારમો રહ્યો. ભયંકર ભૂકંપ આજે પણ આપણે ભૂલી શકીએ એમ નથી. સહકારી બેંકોમાં ઉથલ-પાથલની છાયા, દુષ્કાળના ઓળા, કેટકેટલી મુસીબતોમાંથી, ૨૦૦૧ પછી, આપણે ગુજરાતને મક્કમતા પૂર્વક આગળ વધાર્યું. આફતો અનેક હતી, અવરોધો અપરંપાર હતા, ગુજરાત વિરોધીઓ ગેલમાં હતા. સૌ એમ માનતા હતા કે, ગુજરાત ક્યારેય ઉભું નહીં થાય. ગુજરાત ક્યારેય બેઠું નહીં થાય. આ બધા જ અવરોધોને પાર કરી ગયા. સંકટોનો સામનો કર્યો. આફતોને અવસરમાં પલટવા માટેનો ભરપૂર પ્રયાસ કર્યો. એનું પરિણામ એ આવ્યું કે, આજે સમગ્ર વિશ્વની નજરે વિકાસની વાત આવે અને ગુજરાતની ચર્ચા ન થાય એવું ક્યાંય જોવા ન મળે. આ ચારેય તરફ ગુજરાતના વિકાસની વાત થાય છે એનું કારણ શું ? મેં જ્યારે સદ્ભાવના મિશનમાં ગુજરાતમાં ખૂણે ખૂણે જઈને ઉપવાસનું આંદોલન ચલાવ્યું હતું. સદ્ભાવના મિશન અંતર્ગત ઉપવાસ કરતો હતો ત્યારે મેં ડંકાની ચોટ પર કહ્યું હતું કે, ગુજરાતના વિકાસની પાછળ છ કરોડ ગુજરાતીઓની આ એકતા, ભાઈચારો, શાંતિની સાધના છે. એના કારણે જ, આજે ગુજરાત આ બધી ચાઈઓને પાર કરી શક્યું છે. અનેક યોજનાઓ એમાં પૂરક બની છે. કુદરતે પણ મહેર કરી છે. દુષ્કાળનું નામોનિશાન રહ્યું નથી અને પ્રજાકીય પુરૂષાર્થ ઉત્તરોત્તર એક શક્તિ બનીને ઉભરી રહ્યો છે. પરંતુ આટલાથી સંતોષ માનવાનો આપણો સ્વભાવ નથી. આપણે ઘણી ચાઈઓ પાર કરવી છે. હજુ આગળ વધવું છે. ગુજરાતને એવી ચાઈઓ પર લઈ જવું છે કે, જેથી કરીને આખા દેશની ઉત્તમમાં ઉત્તમ સેવા ગુજરાત કરી શકે. ગુજરાતના વિકાસની અંદર નજર કરીએ તો, એક તરફ ધ્યાન સૌનું જાય છે. એક જમાનાનું દુષ્કાળગ્રસ્ત ગુજરાત રણપ્રદેશ, ધૂળની ડમરીઓ, ચોકડીઓ ખોદતી જીંદગી, રાહતકામો સિવાય કંઈ ચાલતું જ ના હોય. એની સામે આજે આખા દેશમાં ગુજરાત એની કૃષિક્રાંતિ માટે વખણાતું થયું છે. આખો દશકો ૧૧ ટકાનો વિકાસદર, કૃષિનો રહે એ વાત દુનિયાના કૃષિ નિષ્ણાંતો માટે આર્શ્ચયરૂપ છે. એ અભ્યાસ કરવા આવે છે. આટલું મોટું આર્શ્ચયજનક કામ થયું કેવી રીતે ? ગુજરાતના ખેડૂતોએ કરી બતાવ્યું છે.

જય જય ગરવી ગુજરાત.....
ભારત માતા કી જય......

## પુનઃ હોબાળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સર્વાનુમતે મંજૂર કરાયા બાદ જેવા બિનખેતીની કલમ ૬૫-૬૬ અને ૬૭ના કામો હાથ ધરવામાં આવે તે પૂર્વે જ ઠાકોર સભ્યો આ મુદ્દે અમે સહમત નથી એવું લેખિતમાં આથી સભા છોડી ગયા હતા.

આ સભ્યોએ બિન ખેતીના કામો સાથે કોઈ જ સહમતિ નહિ હોવાનો એક પત્ર જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ. ગાંધીને પણ આપ્યો હતો. આ સભ્યોએ જણાવ્યું હતું કે આ કામો અંગે અમને કોઈ વિશ્વાસમાં લેવામાં આવ્યા નથી એટલે અમે અમારી અસહમતિ દર્શાવી સભા છોડી ગયા છીએ.

સાનુકૂળ વાતાવરણ વચ્ચે આરંભાયેલ કારોબારી સમિતિમાં અધવચ્ચે પ્રગટેલી આ આગને કારણે બેઠક ફટાફટ આટોપી લેવામાં આવી હતી તેમજ જાણે કંઈ જ બન્યું નથી એમ કોંગીના આગેવાનોએ બંધ બારણે ચર્ચાઓનો દોર આરંભ્યો હતો.

પ્રાપ્ત થતી વિગતો મુજબ કારોબારી સમિતિના ચેરમેન શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલાએ તાત્કાલિક પંચાયત પ્રમુખશ્રી તેમજ જિલ્લા સંગઠનના આગેવાનોનો સંપર્ક સાધી અને ઉભી થયેલી પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા. આ દરમિયાન ઠાકોર જુથના પાંચ સભ્યો પંચાયતનું કેમ્પસ છોડી ગયા હતા.

જિલ્લા સમિતિએ પણ પંચાયતમાં ઉભી થયેલી આ સ્થિતિ અંગે અકળ મૌન સાધી લીધું છે અને પ્રદેશ નેતાઓનું ધ્યાન દોર્યું છે.

માણસા વિધાનસભાની પેટા-ચૂંટણી અગાઉ પ્રદેશ કોંગ્રેસ સમિતિએ આ મુદ્દે પ્રદેશ નિરીક્ષક તરીકે ધારાસભ્ય શ્રી શૈલેષ પરમારને ગાંધીનગર મોકલ્યા હતા. શ્રી શૈલેષ પરમારે તમામ સમિતિઓના તેમજ પંચાયતના તમામ પદાધિકારીઓના હોદ્દા પરથી રાજીનામાના પત્રો લઈ લીધા હતા.

માણસા વિધાનસભાની પેટા ચૂંટણીમાં ઠાકોર સમાજને ટિકિટ આપવામાં આવ્યા બાદ પ્રદેશ નેતાઓને એવું હતું કે આ મામલો હવે થાળે પડી ગયો છે. જો કે એ પછી આજે પ્રથમ બેઠક મળી હતી અને વિરેન્દ્રસિંહ વાઘેલાને ચેરમેન તરીકે આ બેઠક ફળી નથી.

કારોબારી સમિતિના ચેરમેન શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલાએ ઓફિસમાં રિનોવેશન કરાવી અને સુંદર સજાવી છે.

કારોબારી સમિતિની બેઠકમાં થયેલા વિવાદને લઈ જિલ્લા સમિતિના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ મામલો ઝડપથી ઉકેલવાના ચક્રો ગતિમાન થયા છે. બિન ખેતીના કામો ને જો ૯૦ દિવસમાં નિકાલ ના કરવામાં આવે તો અરજદારો અપીલમાં જાય અને કારોબારી સમિતિને અપીલમાં ઉભા થવું પડે જે યોગ્ય ન કહેવાય. આ સ્થિતિમાં કદાચ આ સપ્તાહના અંતમાં પુનઃ કારોબારીની બેઠક બોલાવી અને કાનૂની ગૂંચ ઉભી ના થાય તે પ્રકારે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જરૂર પડયે આ માટે મેન્ડટ આપવામાં આવે તેવી શકયતાઓ પણ નકારી શકાતી નથી.

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિમાં ઉભી થયેલી મડાગાંઠને મુદ્દે પુનઃ એકવાર કોંગ્રેસ પક્ષની જૂથબંધી તેની સમાટીની ચરમસીમાએ આવી પહોંચી છે. જિલ્લા પંચાયતની કારોબારીમાં નવ સભ્યો પૈકી પાંચ સભ્યો ઠાકોર કોમના છે. જે ઉલ્લેખનીય છે આ સભ્યોએ સભ્યપદ જરૂર પડયે છોડવાની પણ ચીમકી આપી છે.